વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓમાં અધિકારી/કર્મચારીઓને ફરજ પર નિયમીત હાજરી માટે સૂચના આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૨૧/૩૮૮/લ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૦૭/૨૦૨૧

**પરિપત્ર:-**

તાજેતરમાં ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની કચેરીના અધિકારી/કર્મચારીઓ, કચેરીમાં નિયત સમયે હાજર રહેતા ન હોવા તથા કચેરી સમય પહેલા કચેરી છોડી જતા રહેવાની બાબત ધ્યાને આવેલ છે.

આથી હવે વિકાસ કમિશ્નર કચેરી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ તથા ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની કચેરીના અધિકારી/કર્મચારીઓ કચેરીમાં કચેરી સમયે હાજર થાય અને કચેરી સમય બાદ કચેરી છોડી જાય તે માટે આ કચેરીઓમાં બાયોમેટ્રીક પધ્ધતિથી હાજરી લેવાની સૂચના આપવામાં આવે છે. વધુમાં કચેરી કાર્ય પધ્ધતિમાં જણાવ્યા મુજબના સમયે એટલે કે સવારના ૧૦.૩૦ થી સાંજના ૬.૧૦ સુધી નિયમિત ફરજ પર હાજર રહેવા જણાવવામાં આવે છે. કચેરી કાર્ય પધ્ધતિ મુજબ જે અધિકારી/કર્મચારી એક માસમાં બે વખત સરકારશ્રીના નિયત કચેરી સમયના ૧૦ મિનિટ પછી એટલે કે સવારના ૧૦.૪૦ બાદ કચેરીમાં આવશે અથવા સાંજે ૬.૦૦ પહેલા કચેરી છોડી જશે તો તેવા કિસ્સામાં જો ત્રીજી વખત ૧૦ મિનિટ મોડા કચેરીમાં આવશે અથવા ૧૦ મિનિટ વહેલા કચેરી છોડી જશે તો તે અધિકારી/કર્મચારીના ખાતે તે દિવસની અડધા દિવસની રજા ઉધારવામાં આવશે તથા જો કોઈ અધિકારી/કર્મચારી વારંવાર કચેરીમાં મોડા આવવા/વહેલા કચેરી છોડી જવાની ટેવ ધરાવતા જણાશે તો તેઓના કિસ્સામાં શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવાની રહેશે. ખાતાના વડાની કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારી સરકારશ્રી દ્વારા નિયત કરેલા સમય મુજબ ફરજ પર હાજર રહે તે સુનિશ્ચિત કરવા દરેક ખાતાના વડાશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

(નરેન્દ્ર વાઘેલા)
નાયબ સચિવ(ગૃ.નિ.)
પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ

**નકલ રવાના:-**

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(ગ્રામ ગૃહ નિર્માણ), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત), સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(ગ્રામ ગૃહ નિર્માણ),સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી(પંચાયત)નું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર,
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, સેક્ટર ૧૦ એ, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ